
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કુંભ**

**આજના ગ્રહોની કુંડળી**




**મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલે છે. ગુરુ અને સૂર્ય એકબીજાના ઘરમાં ઉચ્ચત્વ પ્રાપ્ત કરે છે. ગુરુ ચંદ્રની પ્રતિયુતિ સારી છે. શુક્ર ઉચ્ચનો છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** રાશિમાં બુધ તમારી પ્રતિભાને ચમકાવે - બારમે શુક્ર બુધ ફેશન, વૈભવ, વિલાસ પાછળ પૈસા ખર્ચાવે - આઠમે મંગળ શનિને કારણે વાહન અકસ્માતથી સાવચેત રહેવું.

**વૃષભ** રાશિ પર સ્વગૃહી મંગળ - શનિની સીધી દ્રષ્ટિથી વારંવાર તમો ગુસ્સે થઈ જાઓ માટે સંયમ રાખો તો સારુ. વાગવા દાઝવાથી સાચવવું.

**મિથુન** તમારી રાશિથી ગોચરમાં બધા જ સારા સ્થાનોમાં ગ્રહો પડેલા છે જે સારા યોગ કરે છે તેથી આપનો આજનો દિવસ ઘણો જ સારો જશે.

**કર્ક** આઠમે ચંદ્ર શરદી - કફ - ઉધરસના વ્યાધિથી પીડાવાનો યોગ છે પરંતુ ગુરુ રાહુની દ્રષ્ટિથી આમાં ઘણી રાહત રહેશે. થોડી ભક્તિ પૂજા કરશો તો શરદીથી ઉગરી જશો.

**સિંહ** સિંહ રાશિમાં ચાંડાલ યોગ તમોને ગ્લાનિયુક્ત રાખે - તમો દિલથી પરેશાન રહેશો. આખી દુનિયાનું દુઃખ તમારા ઉપર ચૂટી પડ્યું છે એવું તમોને લાગ્યા કરશે.

**કન્યા** સાતમે શુક્ર ઉચ્ચનો છે સાથે સૂર્ય છે તેથી જીવનસાથી જીદ્દી થશે. તેનું ધાર્યું કરવાની જીદ પકડશે - તમારે ધીરજથી કામ લેવાની જરૂર છે. સંયમ રાખશો તો સારું.

**તુલા** સાતમે બુધ તમારા જીવનસાથીને પગેથી કમાડ ઠેલવાની વૃત્તિઓ ઉદ્ભવશે - આથી મિત્રો પણ તમોને મદદરૂપ નહીં થાય. કુટુંબીઓ હેરાન પરેશાન કરશે.

**વૃશ્ચિક** રાશિમાં મંગળ ક્રોધ - ગુસ્સા -નો કારક ગ્રહ છે - સાથે વક્રી શનિ છે જે ક્રોધમાં ખરાબ અપશબ્દો ઉચ્ચારાવે નહીં તેનું ધ્યાન રાખશો. બોલો ને શત્રુઓ ઉભા થાય તેમ છે.

**ધન** બારમે શનિ મંગળની યુતિ તમોને વણજોઈતા ખર્ચાના ખાડામાં ઉતારે તેવો યોગ છે. ચોથે સૂર્ય શુક્રની યુતિ મિશ્રફળ આપે તેમ છે. કૌટુંબિક સુખ મળશે.

**મકર** સંતાનો બાબતના નવા પ્રશ્નો હલ કરવા પડશે - જુના પ્રશ્નો સોલ્વ નહીં કરો ત્યાં જ નવા પ્રશ્નો ઉભા કરીને સંતાનો તમેને હેરાન - પરેશાન કરી શકે.

**કુંભ** રાશિમાં ચંદ્ર - ચાંડાલ યોગથી - દ્રષ્ટ છે જેથી ગુરુનું શુભ ફળ અટકી જાય તેમ છે. ચંદ્રને બીજે ઉચ્ચનો શુક્ર તમોને કલા - સંગીતના વ્યવસાયમાં સફળતા અપાવે તેમ છે.

**મીન** રાશિમાં ઉચ્ચનો શુક્ર તમોને ખાવાની બાબતમાં સાચવવા કહે છે - ડાયાબીટીસના દર્દીઓએ સૂર્યની યુતિના કારણે સાચવવાની જરૂર છે.

## અતીતની આજ

● ૪ પાનાનું ચાલુ...

કરવાં છે. કાશ્મીર ખીણના મુસ્લિમ બહુલ પ્રદેશને અલગ રાજ્ય, બૌદ્ધ બહુમતીવાળું લડાખ અલગ રાજ્ય અને હિંદુ બહુમતીવાળું જમ્મુ અલગ રાજ્ય બને એવી નાગપુર મુખ્યાલયની ઈચ્છા છે. રાજ્યોની આર્થિક સદ્ધરતાનો વિચાર કર્યા વિના સ્થાનિક પ્રજાને રાજી કરવાની અપેક્ષા સાથે મોટાં રાજ્યોમાંથી નાનાં નવાં રાજ્યો સ્થાપિત કરવામાં પ્રજાલક્ષી હિતનાં કામો કેટલાં થાય એ કહેવું મુશ્કેલ છે, પરંતુ રાજકીય પક્ષો માટે પ્રધાનપદાં કે વિપક્ષના બેસુમાર હોદ્દા શક્ય બને છે. અંગ્રેજોના શાસન દરમિયાન માત્ર ત્રણ જ પ્રેસિડેન્સી થકી સમગ્ર ભારતનો વહીવટ થઈ શકતો હતો. કોલકાતા પ્રેસિડેન્સી, મુંબઈ પ્રેસિડેન્સી અને મદ્રાસ (હવેનું ચેન્નઈ) પ્રેસિડેન્સી થકી બ્રિટિશ હકૂમત હેઠળના પ્રદેશ ઉપરાંત ૫૬૫ રજવાડાંનો વહીવટ અંગ્રેજ સલ્તનત થકી થતો હતો. આજે તો લૂંટો ભાઈ લૂંટોનો જ જાણે કે ન્યાય ચાલે છે. ગાંધી-સરદારનાં સ્વપ્ન તો ક્યારનાંય બળીને ખાક થઈ ગયાં છે. નવાં રાજ્યોનાં નિર્માણની તરફેણ કરીને સંઘ-ભાજપની નેતાગીરી સમગ્ર દેશને સંગઠિત કરવાને બદલે વિભાજિત કરી રહ્યાની ચિંતા કરતી નથી. ગુજરાત અસ્તિત્વમાં આવ્યું એ પહેલાં સૌરાષ્ટ્ર અલગ રાજ્ય હતું અને કચ્છ 'ક' વર્ગનું કેન્દ્રશાસિત રાજ્ય હતું. રાજ્યના બધા પ્રદેશો સમરસ થાય એને બદલે મહારાષ્ટ્રનો ઘટનાક્રમ ગુજરાતમાં પણ ભવિષ્યમાં વધુ બે રાજ્યોની રચનાની ચળવળને ફરી જગાડે એવી શક્યતા રહે છે.

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં તત્કાલીન મુખ્ય પ્રધાન માયાવતીએ ચતુર્ભાજનનો ઠરાવ મંજૂર કરાવ્યો હતો, એ મુજબ બુંદેલખંડ, પૂર્વાંચલ, અવધ પ્રદેશ અને પશ્ચિમ પ્રદેશ એમ ચાર રાજ્યોના વિભાજનની લોકેચ્છા છે. પંજાબમાં પણ તેને બે રાજ્યોમાં વિભાજિત કરવાની ચળવળ શરૂ થઈ છે. પશ્ચિમ બંગાળમાંથી ગોરખાલેન્ડ અલગ કરવાની માગણી તો ઊભી જ છે, ત્યાં બીજા રાજ્યોમાંથી પણ નવાં રાજ્યોની રચનાની માંગ ઊઠવાની. સમગ્ર દેશમાં આ નવાં રાજ્યોના ભડકા અનેકતામાં એકતાવાળા ભારતનાં હિતોને નુકસાન પહોંચાડે એ પહેલાં જાગીએ એ ખૂબ જરૂરી છે.

# પ્રાંતિજના રસુલપુર પાસે બાઈક અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં બે ના મોત

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ રસુલપુર પાસે બાઈક અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત થતાં એકનું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જયારે બીજાનું સારવાર મળે તે પહેલાં મોત નિપજ્યું હતું.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના રસુલપુર પાસે સલાલથી પોતાના બાઈક નં - જીજે.૯.એમ.૩૮૨૯ ઉપર પ્રાંતિજ તરફ જઈ રહેલ ઘેલાભાઈ અળદાભાઈ ભરવાડ રહે. સલાલ તથા તેમની પાછળ બેઠેલ ખાંડાભાઈ ગોબરભાઈ ભરવાડ રહે. મોયદ બન્ને જણા બાઈક ઉપર જતાં હતાં તે સમયે આગળ જતાં ટ્રેક્ટરની ટોલી સાથે ધડાકાભેર અકસ્માત થતાં અને ટ્રેક્ટરની ટોલીના પાછળના ભાગે ગુસી જતાં બાઈકનો ફૂરચો થઈ ગયો હતો જયારે બાઈક ચાલક ખાંડાભાઈ ગોબરભાઈ ભરવાડ ઉ.વર્ષ - ૫૦ તેવોનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું જયારે અકસ્માત બાદ ટ્રેક્ટર ચાલક ઘટના સ્થળેથી ભાંગી ગયો હતો અને લોકોના ટોળે ટોળાં ભેગા થઈ ગયા હતાં અને ૧૦૮ને ફોન કરતાં ૧૦૮ ઘટનાસ્થળે દોડી આવી હતી જયારે બાઈક પાછળ બેઠેલા ઘેલાભાઈ અળદાભાઈ ભરવાડ રહે. સલાલ ઉ. વર્ષ-૫૦ તેવોને પણ શરીરે માથાના ભાંગે ઈજાઓ પહોચતા ૧૦૮માં પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં જયાં તેવોનું પણ સારવાર મળે તે પહેલાં મોત નિપજ્યું હતું જયારે અકસ્માત થતાં નેશનલ હાઈવે આઠ ઉપર ટ્રાફિકજામ થઈ ગયો અને પ્રાંતિજ પોલીસને સમાચાર મળતા પ્રાંતિજ પી.આઈ. સહિત પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને ટ્રાફિક હળવો કરી મૃતકને પ્રાંતિજ સિવિલ ખાતે પી.એમ.માટે મોકલવામાં આવ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



પાલનપુર તાલુકા પોલીસમથકની હદમાં બે વર્ષ દરમિયાન જુદા જુદા પ્રોહીબિશનના ગુનામાં ૪૮૬૨ નંગ વિદેશી દારૂ બિયરનો મોટો જથ્થો ઝડપાયો હતો. જેનો નામદાર કોર્ટના આદેશ મુજબ નાશ કરવામાં આવ્યો હતો. રૂ. ૬,૩૫,૨૯૨ની કિંમતની ૪૮૬૨ નંગ બોટલનો રોલર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો.

# સલાલમાં નંદઘર દારૂનું ધામ બન્યું

## દેશી તથા વિદેશી દારૂ જાહેરમાં વેચાતો હોવા છતાં પોલીસની આંખે હપ્તાનાં પાટા : સરકારી મિલ્કત ઉપર બુટલેગરોનો કબજો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં પાણીની જેમ દેશી તથા વિદેશી દારૂનું ધુમ વેચાણ છતાં પોલીસ માત્ર હપ્તાની લ્યાહમાં ચુપકી સાધીને બેઠી છે ત્યારે સલાલમાં તો બુટલેગરોએ નંદઘર નેજ મળે છે. અને સરકાર દ્વારા બનાવેલ નવીન મકાન (નંદઘર ) જાણે બાળકો માટે નહી પણ બુટલેગરો માટે બનાવ્યું હોય તેવું સ્પષ્ટ પણે જોઈ શકાય છે. અને જાહેરમાં દેશી તથા વિદેશી દારૂ પાણીના પાઉચ અને પેપ્સીની બોટલની જેમ વેંચાય છે ત્યારે જિલ્લા પોલીસ




દારૂ ધામ બનાવ્યું છે અને દેશી તથા વિદેશી દારૂ જાહેરમાં વેપલો થાય છે.

સલાલ ખાતે આવેલ આંગણવાડી નં-૫ સરકાર દ્વારા લાખ્ખો રૂપિયાની સહાયથી બાળકોને ભણવા-રમવા માટેનું વિદ્યા મંદિર કે જે નંદઘર બનાવવામાં આવેલ છે તે પ્રાંતિજ પોલીસ અને તંત્રની નિષ્ક્રિયતાનો ઉત્તમ નમુનો પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે જોવા તંત્ર અને સ્થાનિક પોલીસ માત્ર હપ્તાની લ્હાયમાં સરકારી મકાન પણ જાણે બુટલેગરોને ભાડા પેટે આપ્યું હોય કે બુટલેગરોએ કબજો કરીને બેઠા હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. ત્યારે પ્રાંતિજ તથા તાલુકામાં જાહેરમાં વેચાતો દેશી તથા વિદેશી દારૂ હાલ તો સ્થાનિક પોલીસની મહેરબાનીથી ખુલ્લેઆમ વેચાણ થતું હોયતે સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

# રાજ્ય સરકાર નાણાંકીય સ્થિતિ અંગેનું શ્વેતપત્ર બહાર પાડે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૩

ભાજપ સરકાર રાજ્યમાં નાણાંકીય સંતુલન અને નાણાંકીય વ્યવસ્થાપન તેમજ નાણાકીય સ્થિતિ અંગેનું શ્વેતપત્ર બહાર પાડે તેવી કોંગ્રેસ દ્વારા માંગણી કરવામાં આવી છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ રાજ્ય સરકાર ઉપર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે ભાજપ સરકારના દેવાળીયા વહીવટ નાણાકીય ગેરશિસ્ત બેફામ ખર્ચા, ભ્રષ્ટાચારને લીધે સરકારી તિજોરી તળિયા ઝાટક થઈ ગઈ છે અને પ્રજાકીય કામો વિકાસના કામોના નિયમ મુજબ ચૂકવવાપાત્ર ૧૨૦૦ કરોડ રૂપિયા નાણાંકીય વર્ષના અંતિમ દિવસે ચૂકવણી થઈ શકી નથી. ત્યારે ભાજપ સરકારની આર્થિક નિતી બેજવાબદાર વલણ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે ભાજપ સરકારે નાણાંકીય વર્ષના અંતિમ દિવસ ૩૧ માર્ચના રોજ વિવિધ સરકારી કામો પેટે ચૂકવવાપાત્ર ૧૨૦૦ કરોડ રૂપિયા સરકારી તિજોરીમાં નાણાના અભાવે ચુકવી શક્યા નથી.

ગંભીરતા તો એ વાતની છે કે સુજલામ સુફલામ યોજનાના વીજવીલ પેટેના ૬૨ કરોડ રૂપિયા પણ ચૂકવવા સરકાર નિષ્ફળ રહી છે. આ છે ભાજપ સરકારનો દેવાળિયા ભ્રષ્ટાચાર ગતિશીલ વાયબ્રન્ટ ખોટા ખર્ચ બિન આયોજનનો ઉત્તમ નમૂનો..!

છેલ્લા ૧૨ વર્ષના ભાજપ શાસકોના ગેરવહીવટ ખોટા ખર્ચ બિન આયોજનને કારણે ગુજરાત સરકારની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ થઈ ગઈ છે. ૧.૮૦ લાખ કરોડના દેવા સાથે ગુજરાત અગ્રીમ દેવાદાર રાજ્ય બનવા તરફ દેશમાં આગળ ધકેલાઈ રહ્યું છે. ગુજરાતમાં એક બાળક ૪૦,૦૦૦ રૂપિયાના દેવા સાથે જન્મ લે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ભાજપ સરકારે રૂ. ૪૦ હજાર કરોડના વિવિધ કરવેરા ઝીંકી દીધા છે. ગુજરાતની ભાજપ સરકાર ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ સંપૂર્ણ નિષ્ફળ ગયું છે.

અગાઉ જાહેર દેવા પેટે ૨૫ ટકા રકમો લેવાતી હતી જે વધીને ૬૨ ટકા જેટલી રકમો થઈ ગઈ છે. કેન્દ્ર સરકારના વિવિધ પ્રોજેક્ટો પેટેના નાણા યુટીલજાઈઝેશન સર્ટીફીકેટ રજુ ન કરી શકવાને કારણે ગુજરાતના નિયમ મુજબના નાણા કેન્દ્ર સરકાર દ્વારા મેળવી શકતા નથી.



શ્રી મુક્ત જીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર વિશ્વશાંતિ કેન્દ્ર રજત મહોત્સવ અંતર્ગત કલોલ તાલુકાના મોખાસણ ગામમાં આવેલ સ્વામિનારાયણ મંદિરના ૨૬મા પાટોત્સવ નિમિત્તે પર્યાવરણ જાગૃતિ રેલી તેમજ બે દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. રેલીના અંતે પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે જણાવ્યુ હતુ કે વૃક્ષ પ્રાણવાયુ આપે છે. એક મનુષ્ય દિવસમાં બે બોટલ જેટલો પ્રાણવાયુ બગાડે છે. જેનું શુદ્ધિકરણ પરોપકારી વૃક્ષો કરે છે. જે મનુષ્ય જીવનમાં વૃક્ષોનો ઉછેર નથી કરતો તે વાસ્તવમાં તેનું જીવન ન જીવ્યો બરાબર છે. તથા મનુષ્યોએ જીવનમાંથી વ્યસનોને તિલાંજલી આપવી જીવનના સદ્ગુણો પ્રાપ્ત કરવા.

# મોડાસામાં આદિવાસી ભીલ સમાજનું સંમેલન યોજાયું

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં રવિવારના રોજ ડિપ વિસ્તારમાં આવેલી સરસ્વતિ બાલમંદિર ખાતે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી-ભીલ સમાજના અગ્રણીઓ સહિત બન્ને જિલ્લાના જિલ્લામાં રહેતા ૨૦૦થઈ વધુ ભીલ સમાજના લોકો એકઠા થયા હતા. આ મહાંસમેલનમાં ગુજરાત રાજ્ય આદીવાસી ભઈલ સમાજના પ્રમુખ કે.એમ. રાણા, સમાજના અગ્રણી પ્રતાપભાઈ ખાબડુ તેમજ અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા આદીવાસી ભીલ સમાજના પ્રમુખ કરી આદિવાસી સમાજને મળતા લાભો આદિવાસી સમાજ સુધી પહોંચતા ન હોવાની અને ભીલ સમાજનો વિકાસ થાય અને સમાજના લોકોમાં જાગૃતિ કેળવવાની સાથે સમાજ ગતિશિલ બને અને સમાજના પ્રજાજનો હરણફાળ પ્રગતિ કરે તેવી શુભેચ્છા



આદિવાસી-ભીલ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

મોડાસા શહેરમાં ડિપ વિસ્તારમાં આવેલી સરસ્વતિ બાલમંદિર ખાતે રવિવારે આદીવાસી ભીલ સમાજનું મહાસંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં અરવલ્લી-સાબરકાંઠા નિકેશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. રવિવારે યોજાયેલા મહાસંમેલનમાં આદીવાસી ભીલ સમાજના અગ્રણીઓએ સરકાર સામે બાયો ચઢાવતા એકીસૂરમાં જણાવ્યું હતુ કે ભીલ સમાજ પર થતા અત્યાચાર બંધ કરવા તકેદારી લેવાની સાથે અત્યાચાર સહન નહી પાઠવી હતી.

આદીવાસી ભીલ સમાજના અગ્રણી અને મોડાસા નગરપાલિકાના નગરસેવક નિકેશ પરમાર દ્વારા સમાજના યુવાનો શિક્ષિત બને તેમજ સમાજમાં સંગઠન પ્રબળ બને તેમજ વ્યસનમુક્ત સમાજની રચના કરવા યુવાનોને હાંકલ કરી હતી.




## મેઘરજના લુહારી યુવાન દ્વારા જળસેવાનો પ્રારંભ

મેઘરજમાં પીવાના પાણીની ઠેર ઠેર તંગી સર્જાય રહી છે ત્યારે મેઘરજ નગરમાં લુહારીકામ કરતા રોશનભાઈ સુભ્રાતીભાઈએ તેમની પોતાની જ દુકાન આગળ લોકોને પીવાના પાણી માટે પરબ ચાલુ કરી છે. જેમાં તેમણે આ વર્ષે આ પરબમાં ઠંડા પાણીનું ઈલેક્ટ્રીક કુલર મુક્યું છે. છેલ્લા ૨૦ વર્ષથી દર વર્ષે પાણીની પરબ બાંધે છે. જેમાંથી લોકો દિવસનું ૫૦૦ લીટર પાણી પીવે છે. મેઘરજમાં નવા બસ સ્ટેન્ડથી જુના બસસ્ટેન્ડ સુધી પીવાના પાણી માટે માત્ર આજ ઠંડુ કુલર (પરબ) છે.

## સુનાવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અરજી ફગાવી દીધી હતી. આથી હવે ઝડપથી મુક્ત થવા માટે સુપ્રીમ કોર્ટનો એકમાત્ર વિકલ્પ છે. હાર્દિકે પોતાની સામેની રાજદ્રોહનો કેસરદ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. અલબત્ત અત્યાર સુધી આ કેસમાં સુનાવણી શરૂ થઈ નથી તે જોતાં હાર્દિક માટે આ વિકલ્પ પણ બહુ આશાસ્પદ નથી. સુરત તથા અમદાવાદ સેશન્સ કોર્ટે હાર્દિક પટેલની જામીન અરજી ફગાવતાં સરકારી વકીલની એ દલીલ માન્ય રાખી હતી કે, હાર્દિકને જેલમાંથી મુક્ત કરવામાં આવશે, તો અરાજકતા વધશે અને ગુજરાતમાં ફરી અશાંતિ સર્જાઈ શકે છે. સુરત સેશન્સ કોર્ટે પણ હાર્દિકની જામીન અરજી ફગાવી દેતા હાર્દિક હવે ઓછામાં ઓછા છ મહિના સુધી જેલમાંથી બહાર નહીં આવી શકે, એ નક્કી થઈ ગયું છે.

## રોકડ નહિ ભરાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રાન્સપોર્ટેશન એજન્સીઓને સૌથી પહેલા દિવસની શરૂઆત થતાંની સાથે જ બેંકો પાસેથી રોકડ રકમ એકત્રિત કરી લેવી જોઈએઅને રાત્રિ ગાળામાં એટીએમમાં પૈસા ભરવા અથવા તો કેશ પાછા ખેંચી લેવાની કોઈ પ્રક્રિયા હોવી જોઈએ નહીં. ખાસ કરીને ભારતના શહેરી વિસ્તારોમાં સમય મર્યાદા આઠ વાગ્યા સુધી રાખવામાં આવી શકે છે. જયારે નકસલવાદીગ્રસ્ત જિલ્લાઓમાં ત્રણ વાગે અને ગ્રામીણ વિસ્તારોમાં પાંચ વાગ્યાની મર્યાદા રાખવામાં આવી શકે છે. નવી માર્ગદર્શિકા મુજબ એક ટ્રિપમાં રોકડ લઈ જતી ગાડીઓમાં પાંચ કરોડથી વધારેની રકમ હોવી જોઈએ નહીં.

## પ્રથમ તબક્કામાં મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ ગયા હતા. પ્રથમ તબક્કા માટે પ્રચારનો અંત આવી ગયા બાદ આની રાજકીય ગતિવિધિ ચરમસીમા ઉપર પહોંચી ગઈ છે. પ્રથમ તબક્કામાં મતદાન આવતીકાલના દિવસે યોજાનાર છે. પ્રથમ તબક્કામાં ૫૩૯ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે.

ચૂંટણી પંચ દ્વારા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ ગોઠવી દેવામાં આવ્યા છે. આસામમાં કુલ ૧ કરોડ ૯૮ લાખ મતદારો છે જે ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરનાર છે. આસામમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે જે પૈકી પ્રથમ તબક્કામાં આવતીકાલના દિવસે મતદાન યોજાશે. જ્યારે ૧૧મી એપ્રિલના દિવસે બીજા તબક્કામાં મતદાન યોજાશે. મતગણતરીની પ્રક્રિયા ૧૯મી મેના દિવસે હાથ ધરવામાં આવશે. તરુણ ગોગોઈના નેતૃત્વમાં કોંગ્રેસ સરકારની અવધિ જૂન મહિનામાં પુરી થવા જઈ રહી છે.

મતદાનની શરૂઆત થાય તે પહેલા જ ઓપિનિયન પોલના પરિણામ આવવાની શરૂઆત થઈ ચુકી છે. બીજી બાજુ બંગાળમાં છ તબક્કામાં ૨૯૪ બેઠકો માટે મતદાન યોજાનાર છે. સાત જુદા જુદા મતદાન યોજાશે. ચોથી એપ્રિલથી લઈને પાંચમી મે સુધી આ દોર ચાલનાર છે.

# અમદાવાદના સ્ટાર્ટ-અપ સીટીશોરને એંજલ ઈન્વેસ્ટર તરફથી ભંડોળ મળ્યું

અમદાવાદના લાઈફસ્ટાઈલ પોર્ટલ સીટીશોરને ગુજરાત એંજલ ઈન્વેસ્ટર્સ નેટવર્ક (GAIN) તરફથી ભંડોળ હાંસલ થયું છે. અમદાવાદમાં સીટીશોરની સ્થાપના વર્ષ ૨૦૧૩માં પલ્લવ પરીખ અને પંકજ પાઠકે કરી હતી. એ પછી એમણે પૂનામાં વિસ્તરણ કર્યું હતું. સીટીશોરના સહસ્થાપકશ્રી પલ્લવ પરીખ જણાવે છે કે આ વખતે ભંડોળ ઉભુ કરવાનો મુખ્ય ઉદ્દેશ સીટીશોરને બેંગલોરમાં રજૂ કરવાનો, અમારા કન્ટેન્ટ ડીસ્ટ્રીબ્યુશનનું વિસ્તરણ કરવાનો અને અમે ઉત્તમ પરિણામ આપી શકીએ તે માટે ટીમની તાકાતમાં વૃધ્ધિ કરવાનો છે. પ્રારંભથી જ અમે અમારા ચાહકોનો સમુદાય ઉભો કરવામાં ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ અને આ કામગીરી થઈ શકી છે ત્યારે અમે અમારો વ્યાપ વિસ્તારી રહ્યા છીએ. ભંડોળ અંગે વધુ વાત કરતાં સીટીશોરના સહસ્થાપક શ્રી પંકજ પાઠક જણાવે છે કે એક સપનું જે અમદાવાદ શહેરમાં આકાર પામ્યું, તે હવે વિસ્તરી રહ્યું છે.